# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-04-2025** **EVENING : 7.50 to 8.00**

**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું 'સૌનાં સાથ, સૌનાં વિકાસ'નો મંત્ર આજે સરકારની નીતિ અને પ્રતિબદ્ધતા બની છે.
2) પ્રધાનમંત્રીએ વારાણસીમાં 3 હજાર 884 કરોડ રૂપિયાથી વધુના 44 વિકાસકામોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો.
3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું ભાજપ તમિલનાડુ વિધાનસભાની ચૂંટણી A.I.A.D.M.K. ના નેતૃત્વ હેઠળના ગઠબંધનમાં લડશે
4) કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે કહ્યું ભારત અને ઇટાલી ભાગીદારીને વ્યાપક વ્યૂહાત્મક સંબંધોમાં પરિવર્તિત કરવા કામ કરી રહ્યા છે.
5) સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠને સુખોઈ-30 M.K.I. વિમાનથી લાંબા અંતરના "ગ્લાઈડ બોમ્બ ગૌરવ"નું સફળ પરિક્ષણ કર્યું.
6) I.P.L. ક્રિકેટમાં ચેન્નાઈ સુપર કિંગ્સ સામેની મેચમાં ટોસ જીતી કોલકાતા નાઈટ રાઇડર્સે બૉલિંગ પસંદ કરી

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે આવતીકાલે સવારે ૭ વાગ્યેને ૧૦ મિનિટે આપ પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM's visit to Madhya Pradesh

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ગરીબો અને વંચિતોના ઉત્થાનનો સંકલ્પ, 'સબકા સાથ, સબકા વિકાસ'નો મંત્ર અને સેવાની ભાવના આજે સરકારની નીતિ અને પ્રતિબદ્ધતા છે. શ્રી મોદી આજે મધ્યપ્રદેશના અશોકનગરના ઈસાગઢમાં શ્રી આનંદપુર ધામમાં ઉપસ્થિત ભક્તોને સંબોધિત કરી રહ્યા હતા.

આ અગાઉ, પ્રધાનમંત્રીએ પરમહંસ અદ્વૈત સંપ્રદાયના મંદિરની મુલાકાત લીધી, મુખ્ય ગુરુને મળ્યા અને સત્સંગ કાર્યક્રમમાં ભાગ લીધો. સરકારની કલ્યાણકારી યોજનાઓનો ઉલ્લેખ કરતા શ્રી મોદીએ કહ્યું કે

**(BYTE : PM MODI- SAB KA SAAATH SAB KA VIKAS)**

શ્રી મોદીએ કહ્યું કે પર્યાવરણના રક્ષણ માટે 'એક પેડ મા કે નામ' નામનું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે વિશ્વમાં ભૌતિક પ્રગતિ વચ્ચે, યુદ્ધ, સંઘર્ષ અને માનવતા માટે માનવ મૂલ્યો સંબંધિત ઘણી ચિંતાઓ ઉભરી રહી છે.

આ પહેલા સદગુરુદેવ મહારાજે કહ્યું હતું કે ભગવાનનું નામ જ સત્ય છે, દુનિયામાં બાકીનું બધું જ અસત્ય છે. તેમણે કહ્યું કે ફક્ત મહાપુરુષોના નામ જ સાચા છે.

આ કાર્યક્રમમાં મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ, કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા અને પ્રદેશ ભાજપ પ્રમુખ વીડી શર્મા હાજર રહ્યા હતા.

# PM Varansi

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વારાણસીના મેહદીગંજ ખાતે 3 હજાર 8 સો 84 કરોડ રૂપિયાથી વધુના 44 વિકાસકામોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. આ વિકાસકામોમાં રોડ, વીજળી, શિક્ષણ અને પર્યટન ક્ષેત્રોમાં વિકાસનો સમાવેશ થાય છે. જેનો ઉદ્દેશ્ય પ્રદેશની એકંદર પ્રગતિને પ્રોત્સાહન આપવાનો છે.

જાહેર સભાને સંબોધતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે હવે કાશી ફક્ત પ્રાચીનતાનું પ્રતીક નથી પરંતુ વિકાસનું એક મોડેલ બની ગયું છે. તેમણે શહેરના ઝડપી વિકાસની પ્રશંસા કરતાં કહ્યું કે કેવી રીતે માળખાગત સુવિધાઓમાં સુધારો, ધાર્મિક પર્યટન અને નાગરિક સુવિધાઓના અપગ્રેડેશનથી આ પ્રાચીન શહેર આધુનિક શહેરી કેન્દ્રમાં પરિવર્તિત થયું છે.

આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ 70 વર્ષથી વધુ ઉંમરના ત્રણ વરિષ્ઠ નાગરિકોને આયુષ્માન કાર્ડ એનાયત કર્યા, ત્રણ GI ટેગ અને પ્રમાણપત્રો પ્રદાન કર્યા અને બનાસ ડેરી (અમૂલ) સાથે સંકળાયેલા રાજ્યના દૂધ ઉત્પાદક ખેડૂતોને 106 કરોડ રૂપિયાનું બોનસ પણ ટ્રાન્સફર કર્યું.

# President Slovakia

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પોર્ટુગલ અને સ્લોવાકિયાની સફળ મુલાકાત બાદ સ્વદેશ પાછા ફરવા રવાના થયા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હી જતા પહેલા સ્લોવાકિયાના બ્રાતિસ્લાવામાં ભારતીય વ્યાપાર પ્રતિનિધિમંડળના સભ્યો સાથે એક વાર્તાલાપ સત્રમાં ભાગ લીધો હતો.

# mumbai waves 2025

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે સર્જનાત્મક ક્ષેત્રથી ઉભરતા અર્થતંત્રમાં મહારાષ્ટ્ર અને મુંબઈનું વિશેષ મહત્વ છે. ઝડપથી બદલાતી ટેકનોલોજીના યુગમાં તેને જાળવી રાખવા માટે મુંબઈમાં વેવ્સ 2025નું આયોજન કરવામાં આવી રહ્યું છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથે મુંબઈમાં વેવ્સના આયોજન માટેની તૈયારીઓની સમીક્ષા કર્યા પછી શ્રી વૈષ્ણવે પત્રકારોને આ મુજબ જણાવ્યું હતું.

શ્રી ફડણવીસે જણાવ્યું હતું કે વેવ્ઝ આ ક્ષેત્રમાં વિશ્વનું સૌથી મોટું સંમેલન છે. જેમાં સોથી વધુ પ્રતિનિધિઓ ભાગ લેશે. તેમણે ભાર મૂક્યો કે ભારત સર્જનાત્મક અર્થતંત્રના ક્ષેત્રમાં અગ્રણી ભૂમિકા ભજવશે. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ક્રિએટિવ ટેકનોલોજીની સ્થાપનાને મંજૂરી આપવા બદલ માહિતી અને પ્રસારણ મંત્રીનો આભાર માન્યો હતો.

શ્રી અશ્વિની વૈષ્ણવ અને શ્રી દેવેન્દ્ર ફડણવીસે મુંબઈમાં વિવિધ નવા પ્રોજેક્ટ્સ અને રાજ્યમાં રેલવે પ્રોજેક્ટ્સની પણ સમીક્ષા કરી.

# AMIT SHAH-VISIT

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે ભાજપ આગામી 2026 માં તમિલનાડુ વિધાનસભાની ચૂંટણી AIADMK ના નેતૃત્વ હેઠળના ગઠબંધનમાં લડશે.

આજે ચેન્નાઈમાં પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું કે નરેન્દ્ર મોદી સરકારે તમિલ યુવાનોને તમિલ ભાષામાં UPSC પરીક્ષા આપવાની મંજૂરી આપી છે. તેમણે DMK સરકાર પર આરોપ લગાવ્યો કે તેઓ વિદ્યાર્થીઓને તમિલમાં તબીબી અને એન્જિનિયરિંગનો અભ્યાસ કરવાની મંજૂરી આપતા નથી, જ્યારે ત્રણ ભાષા નીતિ અંગે બેવડા ધોરણો જાળવી રાખે છે. તેમણે DMK અને કોંગ્રેસ પક્ષોની પણ ટીકા કરતા કહ્યું કે તેઓ લોકોની જરૂરિયાતોથી વાકેફ નથી અને પોતાના એજન્ડા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

**(BYTE : AMIT SHAH- DMK CORRUPTION)**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# Italy-India Business Forum

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું છે કે ભારત અને ઇટાલી વિવિધ ક્ષેત્રોમાં તેમની ભાગીદારીને વ્યાપક વ્યૂહાત્મક સંબંધોમાં પરિવર્તિત કરવા માટે કામ કરી રહ્યા છે. શ્રી ગોયલે આજે નવી દિલ્હીમાં ઇટાલીના નાયબ પ્રધાનમંત્રી અને વિદેશ પ્રધાન એંતોનિયો તાજાની સાથે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધિત કરી.

શ્રી ગોયલે જણાવ્યું હતું કે વ્યાપક વ્યૂહાત્મક સંબંધો વર્તમાન દ્વિપક્ષીય વેપારને નોંધપાત્ર રીતે વેગ આપશે. બંને દેશો વચ્ચેનો પરસ્પર વેપાર ૧૫ અબજ ડોલર થવાની શક્યતા છે. બંને દેશો વચ્ચે વેપાર, વિજ્ઞાન, ટેકનોલોજી, નવીનતા અને શિક્ષણ સહિત અનેક ક્ષેત્રોમાં સહયોગ છે. શ્રી ગોયલે જણાવ્યું હતું કે ભારત-યુરોપિયન સંઘ મુક્ત વેપાર કરાર પર સક્રિયપણે વાતચીત ચાલી રહી છે. તેમણે પ્રવાસન, અવકાશ ટેકનોલોજી, સંરક્ષણ ઉત્પાદન, જહાજ નિર્માણ ક્ષેત્રોમાં સહયોગની અપાર સંભાવનાઓ પર પ્રકાશ પાડ્યો.

ઇટાલીના નાયબ પ્રધાનમંત્રી એંતોનિયો તાજાનીએ જણાવ્યું હતું કે ભારત અને ઇટાલી વચ્ચે સહયોગ માટે આજનો દિવસ ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે બંને પક્ષો વચ્ચે ખૂબ જ સકારાત્મક રાજકીય બેઠકો થઈ. શ્રી એંતોનિયોએ જણાવ્યું હતું કે બંને દેશો તેમની વચ્ચે વેપારને વધુ મજબૂત બનાવવા માટે સાથે મળીને કામ કરી રહ્યા છે.

# DRDO GAURAV

**સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન- D.R.D.O. એ સુખોઈ-30 M.K.I. વિમાનથી લાંબા અંતરના "ગ્લાઈડ બોમ્બ ગૌરવ"નું સફળ પરિક્ષણ કર્યું. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા મુજબ, પરિક્ષણોમાં અંદાજે 100 કિલોમીટરના અંતર સુધી ચોકસાઈ સાથે સફળ પ્રદર્શન કરાયું.**

"ગૌરવ" એક હજાર કિલો વર્ગનો ગ્લાઈડ બૉમ્બ છે, જેને ચાંદીપુરમાં આવેલા સંશોધન કેન્દ્ર ઈમારત, શસ્ત્રાગાર સંશોધન અને વિકાસ સંસ્થાન તેમજ સંકલિત પરિક્ષણ રેન્જ દ્વારા સ્વદેશી રીતે ડિઝાઈન કરાયો અને બનાવાયો છે. D.R.D.O. અને ભારતીય વાયુસેનાના વરિષ્ઠ અધિકારીઓએ આ પરિક્ષણમાં ભાગ લીધો અને સમીક્ષા કરી.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે ગૌરવના સફળ પરિક્ષણ બદલ D.R.D.O, ભારતીય વાયુસેના અને ઉદ્યોગ જગતને શુભેચ્છાઓ પાઠવી. તેમણે કહ્યું, લાંબા અંતરથી ગ્લાઈડ બૉમ્બના વિકાસથી સશસ્ત્ર દળોની ક્ષમતામાં વધારો થશે.

# IPL

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.L. ટી-20 ક્રિકેટમાં આજે ચેન્નઈ સુપર કિંગ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મૅચ રમાઈ રહી છે. ચેન્નઈના એમ. એ. ચિદમ્બરમ્ સ્ટેડિયમમાં રમાતી મૅચમાં કોલકાતાની ટીમે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી છે. કોલકાતાની ટીમ અજિન્ક્યા રહાણે સુકાનીપદ હેઠળ રમી રહી છે.

હાલમાં મળતાં અહેવાલ મુજબ, ચેન્નઈ સુપર કિંગ્સે 5 ઑવરમાં 2 વિકેટ ગુમાવી 18 રન બનાવ્યા છે. ઉલ્લેખનીય છે કે, ચેન્નઈ સુપર કિંગ્સના પૂર્વ સુકાની ઋતુરાજ ગાયકવાડ ઈજાગ્રસ્ત થતાં તેઓ I.P.L ટૂર્નામૅન્ટમાંથી બહાર થઈ જતાં હવે ટીમના સુકાની મહેન્દ્ર સિંઘ ધોની રહેશે.

# Shah – J and K Hurriyat Organisation

હુર્રિયત સાથે સંકળાયેલ જમ્મુ કાશ્મીર માસ મૂવમેન્ટ સંગઠને અલગતાવાદને નકારી કાઢ્યો છે અને ભારતની એકતા પ્રત્યે સંપૂર્ણ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. અત્યાર સુધીમાં, હુર્રિયત સાથે સંકળાયેલા 12 સંગઠનોએ બંધારણમાં વિશ્વાસ વ્યક્ત કરીને અલગતાવાદથી પોતાને દૂર રાખ્યા છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોશિયલ મીડિયા પોસ્ટમાં આ પગલાનું સ્વાગત કર્યું. આ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' ના સ્વપ્નનો વિજય છે.